આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-15-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી

આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવામાં આવશે. યુવાઓમાં કૌશલ્યનો વિકાસ થાય અને દેશ ઉન્નતિના માર્ગે નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરે તે માટે દર વર્ષે 15મી જુલાઇએ વિશ્વ કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે રાજ્યના યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને 'સ્કિલ સ્માર્ટ' અભ્યાસ થકી રોજગારી આપવાના ઉદ્દેશથી કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ડ્રોન ઉત્પાદનનું ટાઈપ સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની છે. ડ્રોન મંત્રા લેબમાં 100 ડ્રોનનું નિર્માણ કરાયું છે અને પાયલટ તાલીમમાં તેના ઉપયોગ કરવામાં આવશે. 19 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પાયલટ તાલીમ શરૂ થશે.. ખેડૂત તથા ખેડૂત પુત્રોને 1200 રૂપિયાના નજીવા દરથી ડ્રોન પાયલટ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

RNU BHUJ

---

# મુંદરા તાલુકામાં વાવણી

જિલ્લાના મુંદરા તાલુકામાં 12 ઈંચ વરસાદ સાથે અન્ય તાલુકાથી પ્રથમ નંબરે છે. મુંદરા તાલુકામાં ચોમાસાના આરંભે જ સારો વરસાદ થયો છે. ત્યારે ખેડૂતો બિયારણની ખરીદી કરીને વાવણીના કાર્યમાં જોડાયા છે. મુંદરા તાલુકા કિસાન સંઘના મંત્રીના જણાવ્યા અનુસાર મગફળી, તલ, મગ, ગુવાર સહિતના પાકોનું

વાવેતર મુંદરા તાલુકાના મોટાભાગના વિસ્તારમાં કરવામાં આવ્યું છે. તેથી ખેડૂતો અને ટ્રેકટરોના ધમધમાટથી સીમાડો ગાજી ઉઠ્યો છે.

**N.P**

---

## કચ્છની મગફળીની દક્ષિણ રાજ્યમાં માંગ

કચ્છના ખેડૂતો મગફળીના પાકના વાવતેરના કામમાં જોડાયા છે. કચ્છની મગફળીની દક્ષિણના રાજ્યોમાં ભારે માંગ હોવાને લીધે ભુજ, અંજાર, નખત્રાણા, અબડાસા વિસ્તારના ખેડૂતો મગફળીનું વાવેતર કરી રહ્યા છે. મગફળીનો પાક ત્રણથી સાડા ત્રણ મહિનામાં તૈયાર થાય છે. અને એકર દિઠ 25થી 30 મણની આવક આપે છે. જયાં ભૂગર્ભ જળ મીઠા છે. અને સાથે દેશી ખાતર અને સારી માવજતથી મગફળી સારી પાકે છે. બિયારણોના વેપારીઓના જણાવ્યા અનુસાર કચ્છની મગફળીની કેરળ, કર્ણાટક સહિતાના રાજ્યોમાં ભારે માંગ હોય છે. આ પાક તૈયાર થતા કચ્છમાં વિવિધ રાજ્યોના વેપારીઓ મગફળીની ખરીદી માટે આવે છે.

**N.P**

---

## હવામાન વિભાગ - વરસાદ

હવામાન વિભાગે 16મી તારીખથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની આગાહી કરી છે. ત્યારે વરસાદના વિરામના માહોલ વચ્ચે જિલ્લામાં મહત્તમ પારો એકથી બે ડિગ્રી ઊંચકાતાં વાતાવરણમાં ગરમી- ઉકળાટ વધ્યો છે. કંડલા એરપોર્ટમાં 37 અને ભુજમાં 35.5 ડિગ્રી મહત્તમ સેલ્સીયસ તાપમાન નોંધાયું હતું. પરસેવે રેબઝેબ કરતો ઉકળાટ યથાવત રહ્યો હતો. રાજ્યમાં કંડલા એરપોર્ટ ડીસા અને અમદાવાદ પછી ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું.

**N.P**

---

## ભુજ- દિલ્હી ટ્રેન કાયમી

રેલવે વિભાગના સતાવાર સુત્રોના જણાવ્યા અનુસાર ભુજથી દિલ્હી સુપર ફાસ્ટ ટ્રેન કાયમી દોડશે. જેનું સમયપત્રક અગાઉ મુજબ જ ભુજથી મંગળવારે અને શુક્રવારે તથા દિલ્હીથી બુધવારે અને શનિવારે દોડશે. રેલવે બોર્ડ દ્વારા આ અંગે પરિપત્ર જારી કરવામાં આવ્યું હતું. નિયમિતરૂપે આ ટ્રેનના આવાગમનથી દિલ્હી ઉપરાંત અજમેર, જયપુર સહિતના સ્થળોએ જવા માટે પણ પ્રવાસીઓને રાહત રહેશે. કચ્છની ટ્રેન અંગેની લાંબા સમયથી માગ સંતોષાતા કચ્છથી દિલ્હી જવા માટે ત્રણ ટ્રેન ઉપલબ્ધ થઈ છે.

**N.P**

---

## પેરા મેડિકસ કોર્સમાં પ્રવેશ કરાવાયો

કચ્છ યુનિવર્સિટી માન્ય પેરા મેડિકલ કોર્સના પરિપત્ર સાથે કચ્છી લેવા પટેલ ઈન્સ્ટિટ્યુટમાં નર્સિંગ કોલેજના થીયર વર્ગોમાં કુમકુમ તિલક કરી પ્રવેશ અપાયો હતો. પેરા મેડિકલ કોર્ષમાં ડિપ્લોમાં ઈન હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સ્પેકટર, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ઓપરેશન થીયેટર, એનેસ્થેસિયા ટેકનોલોજી, ડિપ્લોમાં ઈન યોગ એજ્યુકેશન સર્ટીફીકેટ કોર્સ ઈન ડાયાબીટીસ થેરેપી વગેરેનો સમાવેશ થાયે છે.

**N.P**

---

## એનસીસી નેવી તાલીમ કેમ્પ

રૂદ્રમાતા પોલીસ તાલીમ મેદાનમાં 10 દિવસનો એનસીસીના નેવી વિંગનો તાલીમ કેમ્પ યોજાયો હતો. જેમાં પશ્ચિમ કચ્છની 11 જેટલી શાળા ને કોલેજના 300 જેટલા કેડેટ અને 15 નેવી ઓફિસર અને 12 એનસીસી ઓફિસરે સેવા આપી હતી. કેમ્પમાં શારીરિક કસરત, પરેડ, ફાયરિંગ, કલ્ચર, યોગ, રમતગમત તથા નેવીને લગતી તાલીમ આપવામાં આવી હતી.

**N.P**

---